| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૪/૧૦/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૮૨૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૭ | ૧ | ૧૦૬૭૮ | ૧૬૮૦૭ | ૧ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૧ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૧૮૦ | ૯ | ૧૫૧૮૯ | ૧૬003 | ૧૧ | ૧૬૦૧૪ |
| | કુલ | ૩૦૨૫૩ | ૧૦ | ૩૦૨૬૩ | ૩૮૮૯૬ | ૧૩ | ૩૮૯૦૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬ | ૧૨,૨૦,૮૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૯૩ | ૧૪,૯૩,000/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૮૨૭/૨૦૨૦**

**નવરંગપુરા** : સુનિલભાઇ પુરષોત્તમદાસ સબનાની (ઉ.વ.૫૦)(રહે.અનુરાગ બંગ્લોઝ, થલતેજ-શીલજ રોડ, થલતેજ) એ તા.૨૩/૧૦/૨૦૨૦ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૧૮ ના કલાક ૧૦/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ટેલિફોન એક્ષ્ચેંજ પાસે, અમોલા ચેમ્બર્સ, દુકાન નં-જી-૮ થી ૧૧ ખાતે આરોપી (૧)હિતેંદ્રસિંગ રામસિંગ રાઠોડ (૨) જ્યોતીબેન સોની (બંને રહે.દુકાન નં-૯ થી ૧૦ શાંતીપ્રકાશ ભવન, બીરજીચંદજીની ચોક, ચાંદકોલ બજાર, જયપુર, રાજસ્થાન) અને (૩)સંજયભાઇ તે મહાવિર ટ્રેડર્સના માલીક (રહે.દુકાન નં-૯-૧૦, અચાકન બજાર, વરાછા રોડ, સુરત) એ ભેગામળી સુનિલભાઇને વિશ્વાસમાં લઇ, “જૈન ટ્રેડર્સ” ભાગીદારી પેઢીના માલીક હિતેંદ્રસિંઘએ સુનિલભાઇ પાસેથી રૂપિયા ૬૦,૦૮,૯૬૨/- તથા “મહાવિર ટ્રેડર્સ” ના નામથી સંજયભાઇ નાઓએ રૂપિયા ૧૧,૪૪,૪૦૨/- તથા “આરાધ્યા ફેશન” ના નામથી જ્યોતીબેન સોની નાઓએ રૂપિયા ૧૬,૦૮,૫૮૬/- તથા “આર.એસ.ઇમ્પેક્સ” ના નામથી હિતેંદ્રસિંઘ તથા જ્તોતિબેન સોની નાઓએ રૂપિયા ૫,૩૨,૫૦૯/- નો કુર્તીઓનો માલ ઉધારીમાં ખરીદ કરી, અલગ-અલગ પેઢીઓ મારફતે કુલ રૂપિયા ૯૩,૬૪,૪૫૯/- ના માલની ખરીદી કરી, તે પેટે કોઇ રૂપિયા નહી ચુકવી સુનિલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.બી.દેસાઇ ચલાવે છે.

**સાબરમતી** : ભિકનરાવ બાબુરાવ ચેવલે (ઉ.વ.૭૯)(રહે.વ્રજેશ્વરી હાઉસિગ સોસાયટી, વલ્લભ પાર્ક ચાંદખેડા) એ તા.૨૩/૧૦/૨૦૨૦ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૨૦ ના કલાક ૧૦/૪૦ થી તા.૨૨/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન રામનગર સ્ટેટ બેંક ના એ.ટી.એમ.માં પૈસા કઢાવાના બહાને મદદ કરવા આવેલ એક અજાણ્યા ઇસમે ભિકનરાવને વિશ્વાસમાં લઇ, તેમનુ એ.ટી.એમ. કાર્ડ બદલી લઇ, ખાનગી નંબર જોઇ લઇ, અલગ-અલગ એ.ટી.એમ સેંન્ટરમાંથી રૂપિયા ઉપાડી તેમજ અલગ-અલગ જગ્યાએથી ભિકનરાવ ના એ.ટી.એમ. કાર્ડથી ખરીદી કરી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- કાઢી લઇ ભિકનરાવ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૨૮/૨૦૨૦**

**શહેરકોટડા** : પ્રવિણભાઇ પ્રેમજીભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.મોહનનગર વિભાગ-ર અરૂણેશ સોસાયટી સામે બાપુનગર) માનસિક રીતે અસ્વસ્થ હોઇ તા.૨૩/૧૦/૨૦૨૦ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે જી.સી.એસ હોસ્પીટલના સાતમે માળે થી બીજા માળે પડતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન સાંજના ૭/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાયમલભાઇ જ્યોતીભાઇ ચલાવે છે.

**નિકોલ** : મયુરભાઇ ગોવિંદભાઇ ચાવડા (ઉ.વ.૨૮)(રહે.રોહીતવાસ કઠવાડા ગામ, તા.દસ્કોઇ જી.અમદાવાદ) કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦ રાતના ૮/30 થી ૧૦/00 વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને સેલ્બી હોસ્પીટલમાં લાવતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મસઇ.શ્રી પ્રવીણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

**ઓઢવ** : દક્ષાબેન વા/ઓ વિરલભાઇ પટેલ (ઉ.વ.૨૧)(રહે.સરફેઝ પેરેડાઈઝ સેન્ટ્રલ વર્કશોપની પાસે, આદીનાથનગર ઓઢવ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૩/૧૦/૨૦૨૦ સવારના ૭/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે બાથરૂમમા કુવારાના એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી